આપણે બીડી પીતાં-પીતાં આરામથી ટ્રેક્ટર હાંકીએ છીએ તોય કાંઈ નથી થતું ને આ સીએનજી બસો હાલતાં સળગે છે !

યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

કુલપતિ શોધ પ્રક્રિયાની આરપાર

ગુજરાત યુનિવર્સિટીમાં હાલ નવા કુલપતિની નિમણુંક થઈ નથી. ગુજરાતની એક માત્ર ઓપન યુનિવર્સિટી ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ડૉ. મનોજ સોનીને કુલપતિ તરીકે બીજી ટર્મ આપવામાં આવી છે. કુલપતિની ત્રણ વર્ષની ટર્મ પૂરી થાય અને બીજા કુલપતિની નિમણુંક થાય એ વચ્ચેનો સમયગાળો જે તે યુનિવર્સિટી માટે અઘરો હોય છે. કાર્યકારી કુલપતિ તરીકે ઉપકુલપતિને જવાબદારી સોંપવામાં આવતી હોય છે. (ગુજરાતની ઘણી યુનિવર્સિટીઓમાં તો ઉપકુલપતિનું પદ ખાલી છે.) કાર્યકારી કુલપતિ તરીક કામ કરનાર વ્યક્તિના માથે છાશવારે માછલાં ધોવાતાં રહે છે. ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે કાર્યકારી કુલપતિ તરીકે મુકુલ સિન્હા છે કે જેઓ અમદાવાદ શહેકના મેયર પણ રહી ચૂક્યા છે. એટલે વહીવટનો અનુભવ સુપેરે ધરાવે છે છતાં એમની સામે મોહયાબંધી થતી રહે છે.

આમતો કુલપતિ સર્વ કમિટિની રચના કુલપતિની ટર્મ પૂરી થવાના છ મહિના અગાઉ થઈ જતી હોય છે. છતાં હજી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિનું નામ નક્કી થયું નથી. એની સામે વિવિધ સંગઠનો કોઈ ને કોઈ કારણોસર યુનિવર્સિટી સામે મોરચો માંડતા રહે છે. કાર્યકારી કુલપતિ બહુ મહત્વના નિર્ણયો કરી શકતા નથી. પરિણામે વહીવટ ઉપર અને સરવાળે શિક્ષણ જગત ઉપર એની અસર વર્તાતી હોય છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની નિમણુંક બાબતે આ વખતે રાજયપાલે દરમ્યાનગીરી કરીને કુલપતિ સર્ચ કમિટિની બેઠક તાત્કાલિક બોલાવવાની વાત કરી છે. આ એક રીતે તો રાજયપાલનો આદેશ જ ગણાય. કુલપતિ સર્ચ કમિટિને આ રીતે રાજયપાલે આદેશ આપવો પડે એ ઘટના આમ તો ચિંતાજનક લેખાવી જોઈએ. કુલપતિ સર્ચ કમિટિ કુલપતિની શોધ બાબતે ઉદાસીન વલણ આપનાવે છે. એવું ફલિત થાય છે.

કાર્યકારી કુલપતિ મહત્વના નિર્ણયો કરી શકતા નથી. એ કારણે કામગીરી ઠપ્પ જેવી થઈ જાય છે. વળી, એ ન થઈ શકેલા નિર્ણયો અને કાર્યોનો સરવાળો થતો જાય છે અને સરવાળાનો ભાર નવા નિમણુંક પામેલા કુલપતિના માથે આવે છે. હવે, નવ નિયુક્ત કુલપતિ ખુરશીનો સ્પર્શ પામે એ પહેલાંનો વિદ્યાર્થી, અધ્યાપક અને કર્મચારી સંગઠનો રાહ જોઈને જ બેઠા હોય એમ મોરચાબંધી શરૂ કરી દે છે. અને કુલપતિ માટે ત્રાહિમામ ત્રાહિમામની સ્થિતિ સર્જાતી હોય છે. આ આવી પરિસ્થિતિમાં આદર્શ વાત તો એ છે કે આજે કુલપતિની ટર્મ પૂરી થતી હોય તો આવતીકાલથી નવા કુલપતિ હાજર થાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. એકાદ બે દિવસ કે અઠવાડિયાનું અંતર હોય તો પણ સમજી શકાય. પરંતુ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની ટર્મ પૂરી થયાને આજે બે મહિનાથી ઉપર તો સમય થઈ ગયો છે અને એટલે જ રાજયપાલે દરમ્યાનગીરી કરવી પડી છે. આ પ્રકારની સ્થિતિ શિક્ષણ જગત માટે આશાસ્પદ બની રહેતી નથી. કુલપતિની નિમણુંક યોગ્ય સમયે થઈ જવી જોઈએ. જે કોઈપણ યુનિવર્સિટી માટે હિતકારક જ બની રહે અન્યથા યુનિવર્સિટી અને નિમણુંક પામનાર જે તે કુલપતિ બંને માટે સ્થિતિ બહુ લાભદાયક બની રહેતી નથી. ! હવે, જોવાનું એ રહે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિની નિમણુંક ક્યારે થાય છે? બાકી, રાજયપાલે તો આ મામલે છડી ઉગામી દીધી છે. કુલપતિની નિમણુંક થયા પછી પણ સ્થિતિ એવી થઈ છે કે, નવા કુલપતિ માટે કપરાં ચઢાણ છે. શિક્ષણ જગતમાં હવે કુલપતિનો તાજ કાંટાળો બનતો જાય છે!

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ માટે નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

સેમિનારમાં ૨૦ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૨૮

ભારત સરકારે મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસન રામાનુજનના જન્મના ૧૨૫ વર્ષનિમિત્તે વર્ષ ૨૦૧૨-૧૩ને 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. જેના ભાગરૂપે નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'મેથેમેટીકસ ઈન ઈન્ડિયા-પાસ્ટ, પ્રેઝન્ટ એન્ડ ફ્યુચર' રાખવામાં આવ્યો હતો.

નિસર્ગ સાયન્સ સેટર ગાંધીનગર દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૨ના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાની ૨૦ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધતા સભર રજૂઆતો કરી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં ગણિતની ઉપયોગિતા તેમજ જયારે ભૂતકાળમાં ટેકનોલોજી ન હતી ત્યારે ગણિતનો ઉપયોગ કરીને સ્થાપત્ય, અવકાશી સંશોધન કેવી રીતે કરવામાં આવતા હતા તેની રસપ્રદ માહિતી આપી હતી તેમજ ભવિષ્યમાં ગણિતના સંશોધનો દ્વારા કેવી ક્રાંતિ થશે તેની રજૂઆત કરી હતી. સેમિનારમાં દરેક સ્પર્ધકે તેમને આપવામાં આવેલી ૬ મિનિટની મર્યાદામાં વિષયને અનુરૂપ ચાર્ટસ, સ્લાઈડસ, કમ્પ્યૂટર, પી.પી.ટી. વગેરેનો ઉપયોગ કરીને પોતાની રજૂઆત કરી હતી. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે અનિલભાઈ પટેલ અને નિર્ણાયક તરીકે વિમલભાઈસુથાર ખાસ હાજર રહ્યા હતાં. તેમણે જુદી જુદી શાળાઓની ગણિત વિષયક રજૂઆતો નિહાળી માઉન્ટ કાર્મેલ શાળા, સેકટર-૨૧ના વિદ્યાર્થી યોગેશ થારાણીને પ્રથમ ક્રમાંક, કલોલ તાલુકાના ડીંગુચાની પટેલ એસ.એન્ડ ડી શાળાની ડિમ્પલ પટેલને દ્વિતીય ક્રમાંક અને ગ્રામભારતી અમરાપુરની ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલયની નયના રોતને તૃતીય ક્રમાંક આપી વિજેતા જાહેર કર્યા હતાં.

વિજેતા સ્પર્ધકોને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલના હસ્તે ઈનામો તેમજ પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જિલ્લામાં વિજેતા પ્રથમ બે વિદ્યાર્થીઓ રાજયકક્ષાનાં નેશનલ સાયન્સ સેમિનારમાં ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને હાર્દિક ભટ્ટે ભારે જહેમત ઉઠાવી હતી.

કારર્કિદી સપ્તાહમાં યોજાયેલ સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલયની બાળાઓ વિજેતા

ગાંધીનગર, તા. ૨૮

પંચ શક્તિ અંતર્ગત વકૃતત્વ અને નિબંધ સ્પર્ધા કારકિર્દી સપ્તાહની ઉજવણી નિમિત્તે યોજાયેલ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ પંચ-શક્તિ નિબંધ સ્પર્ધામાં સથવારા પ્રિયંકા અને મુલતાની અંજના દ્વિતીય સ્થાને વિજેતા બની રોકડ પુસ્કાર મેળવેલ છે. વકૃતત્વ સ્પર્ધામાં જળશક્તિ અને માનવ વિકાસમાં ચૌધરી પ્રગતિ તૃતીય સ્થાને વિજેતા બની હતી.

વાઘેલા પ્રયોશાબા જનકસિંહ નિબંધ સ્પર્ધામાં તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન આપેલ છે.

ગુજરાત ઈન્ટર સ્કુલ કરાટે ચેમ્પિયનશીપમાં ઈન્ટરનેશનલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ઈન્ટર સ્કુલ ચેમ્પીયન શીપ દ્વારા આયોજિત કરાટે ચેમ્પિયનશીપ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઈન્ટનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ ૧૪ ગોલ્ડ મેડલ, ૮ સિલ્વર મેડલ, ૧૬ બ્રોન્ઝ મેડલ મેળવી સ્કુલનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધામાં ૬૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૨૦ને મેડલ એનાયત થયા છે. સુંદર દેખાવ બધા કરાટે કોચ પી. કુમારને અભિનંદન પાઠવેલ છે.

રાયફલ એસો અને સી એમ વિદ્યાલય દ્વારા વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ડિસ્ટ્રીકટ રાયફલ એસોસીએશન અને શેઠ સી.એમ. વિદ્યાલય દ્વારા વાર્ષિક ઈનામ વિતરણનો કાર્યક્રમ સેકટર-૨ ઉમાં આવેલ કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલમાં યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા રાયફલ એસોસીએશન રાયફલ સ્પર્ધાનું આયોજન વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. રાયફલ સ્પર્ધામાં જિલ્લાની વિવિધ શાળા કોલેજોમાંથી ભાગ લેતાં હોય છે. ગત વર્ષે આશરે ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રાયફલ સ્પર્ધામાં વિજેતા બનેલ સ્પર્ધકોને આજે સેકટર-૨ ઉમાં આવેલ કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલમાં સવારે ૯.૦૦ કલાકે ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રનીંગ સિલ્ડ ભાઈઓને અને શેઠ સી.એમ. વિદ્યાલય, આર.જી કન્યા વિદ્યાલયની બહેનોને સીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઈનામ વિતરણમાં ૨૪ મેડલ, ૨ સિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ જસવંતસિંહ રાઠોડ, સહમંત્રી નટુભાઈ લાડાણી, મંત્રી આર.આઈ. પંડ્યા, ખજાનચી ગજેન્દ્રસિંહ બારડ, ધણપ હાઈસ્કુલના આચાર્ય હિતેન્દ્રભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ફૂલપુરા પ્રાથમિક શાળામાં સી.આર.સી. કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

જી.સી.ઈ.આર.ટી. પ્રેરીત અને જિલ્લા શિક્ષણ તાલીમભવન ગાંધીનગર દ્વારા તાજેતરમાં ગાંધીનગર તાલુકાના વલાદ ગામે સી.આર.સી. કક્ષાનું વિજ્ઞાન ગણિત પ્રદર્શન-૨૦૧૨ ફૂલપુરા પ્રાથમિક શાળામાં યોજાયું હતું.

વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં સી.આર.સી. કક્ષાની તમામ સાત શાળાઓના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સી.આર.સી. કક્ષાની શાળાઓની ૧૦ જેટલી કૃતિઓ વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી હતી. કૃતિ દીઠ બે બાળ વૈજ્ઞાનિકો સાથે એક શિક્ષકે પોતાની શાળાની અપ્રતિમ કૃતિને પ્રદર્શનમાં મુકી હતી. આ પ્રસંગે ડાયટમાંથી પધારેલા અધિકારી કે.એસ. પરમારે વિજ્ઞાન ગણિત પ્રદર્શન નિહાળી બાળ વૈજ્ઞાનિકોને ઈનામ વિતરણ કર્યુ હતું. વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે હિતેશભાઈ અને નિલમબેને તટસ્થ ભૂમિકા ભજવી હતી. એસ.એમ.સી.ના અધ્યક્ષ, સભ્યો અને ગ્રામજનોની હાજરીમાં આમંત્રિત મહેમાનોનું શાળા પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળ વિજ્ઞાનિકો દ્વારા કાપલીઓ પણ વહેલી થઈ ગયેલી... નાગરોની ૬ નાતોમાં પ્રશ્નોરાએ લઘુમતિમાં છે એમ કહી એનાં જન્મની

ઉઘડતે પડતે

- સંજય ચોરાત

હાસ્યના વાવાઝોડામાં 'ટાલ' છવાઈ

'ટાલ' એ પુરૂષોનું આભૂષણ, પુરૂષોની ટાલ પાડવામાં પત્નીઓનો ફાળો, સૌંદર્ય પ્રસાધન સામગ્રીનાં બચતનો પર્યાય 'ટાલ' થી રમૂજો સર્જાઈ

એક વર્ષ પહેલાં ગાંધીનગરનાં જાણીતા હાસ્ય લેખક ભર્ગદેવ ભટ્ટે એમનાં જન્મ દિવસની ઉજવણી અર્થે સે-૨૧ શાકમાર્કેટનાં કોલાહલ ભર્યા સેકટરમાં આવેલી લાઈબ્રેરી ખાતે હાસ્યનો કાર્યક્રમ રાખી પ્રેક્ષકોનું પેટ હસાવીને ભરી દીધેલું અને એટલે નાસ્તાની વ્યવસ્થા કારવામાંથીય બચી ગયેલાં... એમનાં હાસ્યના કાર્યક્રમથી પ્રભાવિત થયેલાં એમનાં જ્ઞાતિનાં બાંધવોને પછી તો 'હાસ્યોત્સવ' કરવાનું એક મસ્ત કારણ મળી ગયું અને આ જ્ઞાતિવાળા પાછા સમૃધ્ધ કેટલાં કે સ્ટેજ પર બેસાડેલો નવેય રત્નો જેવાં હાસ્ય કલાકારોય એમની જ પ્રશ્નોરા નાગર કોમનાં!!

સમસ્ત પજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટના ઉપક્રમે યુવા યજ્ઞાના થનગનતા યુવાનો દિવંત ભટ્ટ, કૌશલ શુક્લ, દક્ષ ભટ્ટ અને મલ્હાર ભટ્ટે 'હાસ્યોત્સવ'નું બીડું ઝડપ્યું અને એમનાં સદ્‌ભાગ્યે એમની જ જ્ઞાતીનાં નવ કલાકારોએ આ કાર્યક્રમમાં આવીને કાર્યક્રમને હસતો રમતો કરી દીધો... કાર્યક્રમની શરૂઆત પહેલાં જ મનોજ શુક્લએ મારાં કાનમાં કહી રાખેલું કે નાગરો એટલે સેન્સ ઑફ હ્યુમરના બાદશાહ એટલે વન લાયનરમાં મજા પડશે... આવેલાં સૌનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતાં ઉદ્‌ઘોષણ કરતાં ભાઈ વારે ઘડીયે કહેતા કે ફોટો ખાસ પડાવજો, ક્યાં તો એમને બધાં ફેસબુક પર અપલોપ કરવાં હશે, ફોટોગ્રાફરે વધુ પૈસા લીધા હશે કે પછી હાસ્ય કલાકારોને ખાલી ફોટો ઈમેણઈલ કરીને જ રાજી કરવામાં હશે. એ જ હોય તે આ વાત જ ખુબ રમુજી લાગતી હતી એટલે હાસ્યનો કાર્યક્રમતો ત્યાંથી જ શરૂ થઈ ગયેલો...

સંસ્થાના મુરબ્બી સુરેશ શુક્લ અને પ્રમુખ જયપ્રકાશભાઈનાં વખાણથી જ્ઞાતીજનોનો રાજીપો દેખાતો હતો તો સ્વાગત વિધિનાં લંબાણથી હાસ્યકલાકારો એકબીજા સામે જોઈ હસતાં હતાં કે જે છેલ્લે આવશે એનો સમય કપાશે એટલે પોતાનો નંબર પહેલો લગાડવાં કદાચ કાપલીઓ પણ વહેલી થઈ ગયેલી... નાગરોની ૬ નાતોમાં પ્રશ્નોરાએ લઘુમતિમાં છે એમ કહી એનાં જન્મની બ્રહ્માજીની વાતથી પણ રમૂજ કરાવી દીધી... નાગરોનો કંઠ સારો એવું તો છેક નરસિંહ મહેતાથી આપણને ખબર અને માનસીએ 'ઈશ્વર સત્ય હે' ની પ્રાર્થનામાં એનાં અવાજથી એ લોકવાયકા યથાર્થ પણ ઠેરવી.. મલ્હાર ભટ્ટે ફેસબુક પર ૧૪૦૦ સભ્યો પ્રશ્નોરા ગ્રુપમાં છે કહી એમનો વ્યાપ બતાવ્યો તો દક્ષ ભટ્ટે એમનાં પ્રાસંગિક 'હાસ્ય પરિષદ'નો અખતરો કર્યો છે, એટલે હસી લેજો એવી વિનંતી પણ કરી દીધી!!

આંબેડકર હૉલમાં યોજાયેલાં આ કાર્યક્રમમાં આયોજક, કલાકાર અને શ્રોતા સૌ પ્રશ્નોરા જ્ઞાતિનાં જ હતા... મનોજ શુક્લએ એમની આગવી છટામાં કાર્યક્રમનું સંચાલન સંભાળતા કીધું કે અત્યાર સુધી મને મારા જ્ઞાનને કારણે સ્થાન મળ્યું છે પણ મારાં હાસ્યરસનાં અજ્ઞાનને કારણે આ કાર્યક્રમનું સંચાલન મળ્યું છે, આમેય વક્તામાં જે સૌથી નબળો એને સંચાલન સોંપાય છે કહીં એમની સેન્સ ઑફ હ્યુમરનું દર્શન કરાવ્યું... જેમનાં કાર્યક્રમથી પ્રેરીત થઈ આ કાર્યક્રમ યોજાયો એવાં ભર્ગદેવ ભટ્ટને જ પહેલાં બોલાવ્યાં, ગદ્ય-પદ્યમાં એક સરખી હથોડી ધરાવતાં ભર્ગદેવ માત્ર હાસ્ય લેખ અને વ્યંગ-પેરોડી કવિતાઓ લખે છે... કવિ, માંગવાવાળાથી અને બહેરાથી સૌ ભાગે એવી વાતોથી મજા કરાવી. ઓલા મારગડે ચાર ચાર બમ્પડા આવ્યાંની કવિતાથી પ્રેક્ષકો રાજી થઈ ગયા તો 'અય મેરે વતન કે લોગોં' ની પેરોડીમાં એમની મહેનત દેખાઈ આવી...

ગાંધીનગરની કૉલેજમાં પ્રાધ્યાપક નીરવ જોષી કે જેમણે ગુજરાતનાં ખ્યાતનામ કલાકારો સાથે સ્ટેજ શોભાવ્યું છે. જેઓ કવિ-લેખક અને કંપોઝર છે. એમણે એમની હળવી શૈલીમાં મુક્તકો અને 'સાધુ-બાવા-પીર વધતાં જાય છે, ઝાંઝવાનાં નીર વધતા જાય છે' જેવાં શેર રજુ કરી કૉલેજમાં પ્રાધ્યાપક સાથેના વિદ્યાર્થીઓની મજાકને રમૂજી અંદાજમાં મુકી 'હો ઓ ઓ ઓ' કરાવી દીધું... પજ્ઞા પરિવારનાં પ્રમુખ જયપ્રકાશભાઈની નાદુરસ્ત...

● અનુસંધાન છઠ્ઠા પાને

MBA તેમજ MCAમાં ખાલી ૮૩૬૯ સીટ કોલેજોને સોંપાઈ

કોલેજોએ પમી સપ્ટેમ્બર પહેલા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી પ્રવેશ યાદી કમિટીને મોકલી આપવાની સુચનાઓ અપાઈ

અમદાવાદ, તા.૨૮

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) પ્રવેશ કમિટી દ્વારા હાથધરાયેલી પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ બાદ ખાલી રહેલી એમબીએની ૫૯૩૩ અને એમસીએની ૨૪૩૬ બેઠકો મળી કુલ ૮૩૬૯ બેઠકો જેતે કોલેજોને જાતે ભરવા સોંપી દેવામાં આવી છે. કોલેજોએ પમી સપ્ટેમ્બર પહેલા જીટીયુના નિયમ મૂજબ મેરીટના ધોરણે બેઠકો ભરી પ્રવેશ યાદી જીટીયુ પ્રવેશ કમિટીને મોકલી આપવાની રહેશે. જીટીયુ સંલગ્ન એમબીએની ૧૩૨ કોલેજોમાં ૧૩૩૬૫ બેઠકોમાંથી ૧૧૫૫૭ બેઠકો જીટીયુ પાસે હતી. જ્યારે એમસીએની ૮૬ કોલેજોમાં ૭૩૩૦ બેઠકોમાંથી ૬૪૨૫ બેઠકો જીટીયુ પાસે હતી. ચાલુ વર્ષે એમસીએની ત્રીજા તબક્કામાં ૨૯૦૪૯ પૈકી ૧૨૯૧૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જેમાથી ૯૬૧૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાયો છે. ત્રીજા તબક્કાની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ એમબીએ અને એમસીએની ખાલી પડેલી કુલ ૮૩૬૯ બેઠકો જેતે કોલેજોને જાતે ભરવા સોંપી દેવામાં આવી છે. આ બેઠકો ઉપર કોલેજો જીટીયુની ગાઈડલાઈન મૂજબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે. કોલેજોએ આ પ્રવેશ પ્રક્રિયા પમી સપ્ટેમ્બર પહેલા પૂર્ણ કરી પ્રવેશયાદી જીટીયુની પ્રવેશ કમિટીને મોકલી આપવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગતવર્ષે કુલ ૭૩૦૦ બેઠકો ખાલી રહી હતી.

માર્શલ આર્ટસની સ્પર્ધાઓમાં જે એમ ચૌધરી વિદ્યાલયની વિજય કૂચ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ માર્શલ આર્ટસ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓએ વિજય કૂચ જાળવી રાખેલ છે. જેમાં પ્રથમ વિજેતાઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

અન્ડર-૧૯ કીક બોકસીંગમાં ચૌધરી યામિની પ્રથમ સ્થાને અન્ડર-૧૯ જીત ફુલેડો સ્પર્ધામાં વસૈયા ઉષા પરમાર, નિકીતા, ભાખરીયા તિસ્તા, પટેલ અપેક્ષા, અંસારી પુનમ વિજેતા બનીને ગોલ્ડ મેડલ મેળવેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે.

ચર્મચક્ષુથી પ્રગટેલો પ્રેમ છેતરામણો હોઈ શકે આ તો દિવ્ય ચક્ષુના પ્રેમની દિવ્ય કહાની છે

મીરાંએ ખુલ્લી આંખે જગતને જોયું તો એને જગત મિથ્યા દેખાયું પણ એ મીરાંને બંધ આંખે મોહન દેખાયો. અને એ મોહનની પ્રેમ દીવાની બની ગઈ. ખુલ્લી આંખે થતો પ્રેમ કદાચ છેતરામણો કે બનાવટી હોઈ શકે પણ બંધ આંખોનો પ્રેમ કદિ ધોખો ખાય નહિ. બસ આવું જ થયું છે સુરેખાબેન અને લહેરચંદ મહેતા વચ્ચે.

લહેરચંદ મહેતાએ જનમથી જ દૃષ્ટિ ગુમાવી હતી. કુદરતે જાણે એમને એક ચેલેન્જ આપી કે ખુલ્લી આંખે સૌ કોઈ જગત જોઈ શકે, પણ તમે બંધ આંખે દુનિયા જોઈ બતાવો. આ તો આખા જનમના અંધકારમાં ડોકિયું પ્રગટાવવાની વાત અને તે પણ ઘી કે દિવેટ વિના. પણ આ ચેલેન્જ લહેરચંદે હિંમતભેર ઉપાડી. જરાય નાસીપાસ થયા વગર જીવનમાં આવતી મુશ્કેલીઓ વચ્ચે માર્ગ કરતા ગયા. અમદાવાદ નવરંગપુરાની અંધશાળામાં તેઓ એસએસસી ભણ્યા. ઝેવિયર્સમાં ગ્રેજ્યુએશન કર્યું (અંગ્રેજી મિડીયમ). ત્યારબાદ બીએડ થયા અને જે સ્કૂલમાં ભણ્યા ત્યાંજ અંગ્રેજીના શિક્ષક તરીકે નોકરી મેળવી. તે ધો. ૮, ૯, ૧૦ના બાળકોને અંગ્રેજી અને હિન્દી ભણાવવા લાગ્યા. અને શિક્ષકની નોકરી કરતાં કરતાં એમની જિંદગીમાં સુવર્ણ પ્રભાતનો અરુણોદય થયો. તેમના ગુરુ અરવિંદભાઈ વ્યાસના સાળી સુરેખાબેન પટેલ તેમના સંપર્કમાં આવ્યા. સુરેખેબેને પોતાની ખુલ્લી આંખે લહેરચંદની બંધ આંખોની ભીતરમાં ડોકિયું કર્યું તો તેમાં તેમણએ પ્રેમ અને કરુણાનું નિર્મળ ઝરણું કલકલ વહેતું જોયું. તેમની બુદ્ધિમત્તા અને ચાતુર્ય જોઈ સુરેખાબહેનને થયું કે આ માણસ પાસે આદર્શ પતિમાં હોવા જોઈતા બધા જલક્ષણો છે, એકમાત્ર આંખો સિવાય. પણ એમ તો દુનિયામાં દરેક વ્યક્તિ ક્યાં સંપૂર્ણ હોય છે ? એને આંખો નથી તો શું થયું ? હું એની આંખો બનીશ. અને ખુલ્લી આંખે કદાચ દુનિયાના સૌંદર્યને જોઈ વિકાર ઉત્પન્ન થાય પણ બંધ આંખોથી તે ફક્ત મને જ જોઈ શકશે. લહેરચંદને મારા પતિ બનાવું તો કેવું ? અને આ વિચારણ તેમણે માતા-પિતા સમક્ષ વ્યક્ત કર્યો. બસ... પરિવારમાં જાણે સુનામી સર્જાયું. છોકરીનું મગજ ઠેકાણે છે કે નહીં ? તું આટલી રૂપાળી, કોઈ પણ જાતની ખોડખાંપણ વગરની અને તારે એક અંધ માનવી સાથે લગ્ન કરી પરિવારનું નાક કપાવવું છે ? પણ સુરેખાબેન મક્કમ બન્યા. લગ્ન કરીશ તો લહેરચંદ સાથે જ. આખો પરિવાર અને સગા સંબંધીઓના વિરોધ વંટોળ વચ્ચે સુરેખાબેને તા. ૨૩-૮-૧૯૮૨ના રોજ લહેરચંદ સાથે લવ મેરેજ કર્યા. મહેતા પરિવારે સુરેખાબેનને પુત્રવધૂ તરીકે ફૂલડે વધાવ્યાં. આખો પરિવાર તેમના ઓવારણા લેવા લાગ્યો પણ સુરેખાબેનના માતાપિતાની નીંદર વેરણ બની ગઈ. છોકરીએ ભવ બગાડ્યો... પણ સમયનું ઘટનાચક અવિરત ચાલ્યું. સુરેખાબેનના પરિવારમાં અજંપો હતો. પટેલ પરિવારનું નાક કપાયું. અને એક દિવસ સુરેખાબેને ફોન દ્વારા પપ્પા-મમ્મીનો સંપર્ક કર્યો : પપ્પા, મારી કોઈ ચિંતા કરતા નહીં. મારું દાંપત્ય જીવન અત્યંત સુખી છે. જમાઈ રાજે પણ સાસુ-સસરા સાથે વાત કરી. ટેલિફોનીક સંપર્ક શરૂ થયો. અને છ જ મહિનામાં ચમત્કાર થયો. સુરેખાબેનના પપ્પા-મમ્મીને હાશ થઈ. 'દીકરીની પસંદગી ખોટી નથી.' આપણી ધારણા ખોટી પડી. જમાઈરાજ દીકરીને જરાય દુખ નહીં પડવા દે. સુરેખાબહેને સીપીએડ કરેલું, તેમણે નોકરી કરવાની ઈચ્છા વ્યક્ત કરી પણ પતિદેવે કહ્યું કે હજુ મારા કૌવતમાં કચાશ નથી. હું હિંમત હાર્યો નથી. તમે ગૃહિણી બનીને મારા ઘરને ગોકુળ-વૃંદાવન બનાવો. એ ગોકુળ ને વૃંદાવનની કુંજગલીમાં આપણા દાંપત્યજીવનને મહેંકતું રાખીએ. અને સુરેખાબેને પતિ સાથે સમર્પિત ભાવથી દાંપત્યજીવનને માણવાનો મનસૂબો કરી લીધો. થોડા વર્ષોમાં ત્રણ દીકરી અને એક દીકરા સાથે ઘરભર્યું ભર્યું લાગવા માંડ્યું.

તેમના દાંપત્યજીવનના ત્રણ દાયકા હમણાં જ પુરા થયા. આ ત્રણ દાયકામાં પતિ-પત્નીમાં ક્યારેય મનદુખ કે તનાવના પ્રસંગો બન્યા નથી. રીસામણા-મનામણાની વાત તો સ્વખે પણ ઉદ્‌ભવી નથી. લહેરચંદને પૂછવામાં આવ્યું કે ઘરમાં કોનું વર્ચસ્વ રહે ? સુરેખાબેન બોલ્યા, એમનું.. લહેરચંદ કહે, ના. એમનું. ત્યાં નાની દીકરી બોલી, બંને એકબીજાની ખૂબ મર્યાદા રાખે છે. મારી મમ્મી મમતાની મૂર્તિ છે, તો પપ્પા પ્રેરણાની મૂર્તિ.

પપ્પાની યાદ શક્તિ તો ગજબની છે, કૉમ્પ્યુટર માઈન્ડ. દેશ અને દુનિયાની વર્તમાન પરિસ્થિતિ વિશે તમે ગમે તે પ્રશ્ન પૂછો, સંપૂર્ણ વિગતે તમને આંકડાકીય માહિતી મળી જશે. લોકસભા કેમ બંધ રહી ? કેટલા કરોડના કોણે કૌભાંડ કર્યા ? તેમાં કોણ સંડોવાયું છે ? બધી જ માહિતી આંકડા સાથે... તેઓ ટીવી, રેડિયો તેમજ બીબીસીના બધા જ સમાચારો અચૂક સાંભળે જ. એટલું જ નહીં, ઘરમાં કોઈવાર રાત્રે લાઈટ જાય તો અમે ફાંફે ચડીએ અને તેઓ ક્યાંથી મીણબત્તી લાવીને સળગાવી દે અમને ખબર જ ના પડે. તેમની કઈ વસ્તુ ક્યાં પડી છે તે બધું જ સ્મરણમાં. સુરેખાબેન આંખોમાં ચમક લાવી પ્રસન્નતાના ભાવ સાથે કહે છે, મને ક્યારેય ફિલીંગ થયું નથી કે મારા પતિને દૃષ્ટિ નથી. તેઓ ઘરનું બધું જ કામ કરે છે, ખરીદીથી માંડી સાંસારિક પ્રસંગોમાં હાજરી - બધું જ. તેમની જીવનચર્યા અને કામ કરવાની રીત ગજબની છે, પણ આ માટે થોડો ઈંતઝાર... (ક્રમશઃ)

સંબંધ સજાવે જિંદગી

મધમધતું દાંપત્યજીવન

- પોપટલાલ એસ પ્રજાપતિ

gsrelation@yahoo.com